# આવતીકાલે ઘ-0 અને સરગાસણ ફલાય ઓવરનુ લોકાર્પણ

## ચિલોડા સરખેજ રૂટમાં ૧૧ ફ્લાય ઓવર પૈકી ૫ નુ લોકાર્પણ થઇ ગયુ છે : કેન્દ્રીય મંત્રી અમિત શાહ વધુ બે ઓવરબ્રિજનુ લોકાર્પણ કરશે : ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને ઝડપી બનશે

ગાંધીનગર તા ૫

ચિલોડા સરખેજ માર્ગને છ માર્ગીય બનાવાની મહત્વકાંક્ષી યોજના અન્વયે અત્યાર સુધી ૫





બ્રિજનુ લોકાર્પણ કરી દેવાયુ છે. જયારે કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ૭ મી ઓગષ્ટે સરગાસણ અને ઘ-0 ઓવરબ્રિજનુ પણ લોકાર્પણ કરાશે. બન્ને ઓવરબ્રિજના નિર્માણના અંતે ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બનશે

ચિલોડા સરખેજ - ગાંધીનગર અમદાવાદને જોડતા ૪૪ કીમી ના માર્ગને છ માર્ગીય બનાવાની યોજનાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ કામગીરી અન્વયે રૂટમાં આવતા ૧૧ ફ્લાય ઓવરના નિર્માણ માટે અંદાજિત રૂ ૮૬૭ કરોડના ખર્ચેને મંજુરી આપવામાં આવી છે. સરખેજ સાણંદ ચાર રસ્તાથી શરૂ કરી રાજપથ કલબ જજીસ બંગલા ચાર રસ્તા થઇ ઝાયડસ સર્કલ,સોલા મંદિર હાઈકોર્ટ અને વૈષ્ણોદેવી સર્કલથી અડાલજ અને ગાંધીનગર ચિલોડા હીંમતનગર હાઈવેને જોડતા આ ધોરીમાર્ગ નં -૧૪૭ને ટોલ ફ્રી બનાવાનુ આયોજન છે. આ મહત્વકાંક્ષી પ્રોજેકટનુ કામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીના સહયોગથી હાથ ધરવામાં આવ્યુ છે. આ પ્રોજેકટનુ ખાતમુહુર્ત તા ૨૪ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૮ ના રોજ કરવામાં આવ્યુ હતુ. આ પ્રોજેકટના કામમાં ગતિ આવે તે માટે પણ સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જો કે કોરોના કાળમાં આ કામગીરી વચ્ચેના સમયગાળા દરમિયાન મંદ પડી ગઈ હતી. પ્રોજેકટને અનુલક્ષી વિવિધ ૧૧ ફ્લાય ઓવર બનાવાનુ આયોજન કરાયુ હતુ જે પૈકી ૫ ફ્લાય ઓવરનુ લોકાર્પણ કરી દેવાયુ છે. જયારે હવે બીજા બે ફ્લાય ઓવરનુ લોકાર્પણ કરાશે. જેમાં સરગાસણ તેમજ ઈન્ફોસીટી ઓવરબ્રિજનુ લોકાર્પણ કરાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે તા ૭ ઓગષ્ટના રોજ ઈન્ફોસીટી તેમજ સરગાસણ ઓવરબ્રિજનુ લોકાર્પણ કરાશે. થોડા સમય અગાઉ વૈષ્ણોદેવી તેમજ ખોડિયાર ઓવરબ્રિજને પણ ખુલ્લા મુકવામાં આવ્યા હતા. જયારે ઈન્ફોસીટી અને સરગાસણ બ્રિજ તૈયાર થઈ જતા હવે લોકાર્પણના અંતે ટ્રાફિકની અવરજવર વધુ ઝડપી અને સરળ બનશે. અમદાવાદ તેમજ સૌરાષ્ટ્ર તરફ જતા વાહનચાલકો તેમજ બીજીતરફ ચિલોડા હીમંતનગર , સાબરકાંઠા સહીત રાજસ્થાન તરફ જતા વાહનચાલકોને પણ ક્રોસ માર્ગો નડશે નહીં જેથી ટ્રાફિક જામની સમસ્યાનુ પણ નિવારણ આવશે.

## રક્ષાશકિત સર્કલ પર ૫૦ કરોડના ખર્ચે ફ્લાય ઓવર બનશે

ગાંધીનગર આસપાસ એક બાદ એક ફ્લાય ઓવરનુ નિર્માણ થઈ રહ્યુ છે. સરગાસણ અને ઘ-0 પાસે ફ્લાય ઓવરનુ કામ પુર્ણ થતા ૭ મી ઓગષ્ટે આ બન્ને ઓવરબ્રિજનુ લોકાર્પણ કરાશે જયારે આ દરમિયાન રક્ષાશકિત સર્કલ પાસે ફલાયઓવરના નિર્માણ માટે ખાતમુહુર્ત કરાશે. આ ઓવરબ્રિજના નિર્માણ માટે અંદાજિત - ૫૦ કરોડનો ખર્ચ કરાશે. આ કાર્યયોજના અન્વયે ૯૫૦ મીટરના માર્ગને છ માર્ગીય કરાશે જયારે ફ્લાય ઓવરના નિર્માણ બાદ ગીફટ સીટીથી અમદાવાદ જવા માટે સીધો રસ્તો પણ મળશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ખાતમુહુર્તના અંતે કામ પણ તેજ ગતિએ શરૂ કરી દેવાશે.

## એપોલો સર્કલ પર કેબલ સ્ટેડ બ્રિજ બનશે

ગાંધીનગર સરખેજ માર્ગને અનુલક્ષી વિવિધ ઠેકાણે ૧૧ ફ્લાય ઓવરનુ નિર્માણ કરવાનુ આયોજન છે. આ પૈકી ૫ બ્રિજનુ લોકાર્પણ પણ કરી દેવાયુ છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. હાઈટેક વિકાસની હરણફાળ વચ્ચે ટવિનસીટી બનતા આ બન્ને શહેર એકસમાન બનવા તરફ છે ત્યારે બન્ને શહેર વચ્ચે ટ્રાફિકનો ધમધમાટ પણ વિશેષરીતે વધ્યો છે. શહેર સહીત આસપાસના વિસ્તારમાં પણ તબક્કાવાર રોડનેટવર્ક અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. રક્ષાશકિત સર્કલની સાથે એપોલો સર્કલ પાસે પણ ફ્લાય ઓવર બનાવવાની યોજના આખરી થઈ ગઈ છે. આ ઠેકાણે ૧૪૦૦ મીટરનો ફ્લાયઓવર બનશે જેમાં છ માર્ગીય કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૩૦ કરોડનો ખર્ચ કરાશે. આ અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ થઈ ગઈ છે. જયારે બ્રિજ નિર્માણના અંતે રીંગરોડ પર ટ્રાફિકનુ ભારણ ઘટશે અને વાહનોની અવરજવર વધુ સરળ બનશે.

# જિલ્લા પંચાયતમાં ભડકો : ચૂંટાયેલી પાંખ કહે છે અધિકારીઓ વહીવટમાં તેમની મનમાની કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેનો સંઘર્ષ આજે ખુલ્લેઆમ બહાર આવ્યો છે.

પંચાયતની પાંચ જેટલી સમિતિના ચેરમેનો અને ત્રણથી વધુ સભ્યોએ આજે બોલાવેલી પત્રકાર પરિષદમાં વહીવટીય પાંખના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું અવમાન થાય એ રીતે અને મનસ્વી રીતે પંચાયતનું સંચાલન કરે છે તેવો ગંભીર આક્ષેપ કર્યો હતો.

બદલીથી લઈ વહીવટીય બાબતોમાં સભ્યો કે ચેરમેનોને વિશ્વાસમાં લેવામાં ન આવતાં હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

આ પદાધિકારીઓએ જણાવ્યુ હતુ કે આંગણવાડીના ગણવેશ વિતરણમાં કે કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોની ભરતી કરવા સહિતના ઘણા બધા મુદ્દાઓમાં ચેરમેનો કે સદસ્યોને ગણવામાં આવતા નથી એટલુ જ નહિ તેમને વિશ્વાસમાં પણ લેવામાં આવતા નથી. એક તલાટીએ કરેલા અણછાજતા વર્તન બાબતે પગલાં લેવાને મુદ્દે તંત્રને કરેલી રજુઆત પણ ધ્યાને લેવામાં આવતી નથી.

આ પદાધિકારીઓએ જણાવ્યુ હતુ કે અમે માત્ર શોભાના ગાંઠિયા હોઈએ એમ અમારો ઉપયોગ કરવાનું કામ તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

તત્કાલીન જિલ્લા વિકાસ અધિકારીએ એક સાથે ૩૦ તલાટીની બદલીના હુકમો કર્યા ત્યારે પંચાયત પ્રમુખને પણ વિશ્વાસમાં લેવાયા ન હતા. આ મુદ્દે ઉચ્ચકક્ષાએ રજુઆત કર્યા પછી પણ હજુ પગલાં લેવામાં આવતા નથી. કાર્યક્રમોના આયોજનની પણ જાણ કરવામાં આવતી ન હોવાનું આ પદાધિકારીઓએ કહ્યુ હતુ.

જિલ્લા પંચાયતમાં ૧૫ વર્ષ કરતાં પણ વધુ સમય બાદ સંપૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયત સંકુલમાં જ સ્વચ્છતાનો અભાવ છે : પંચાયત પદાધિકારીઓ

ગાંધીનગર, તા. ૫

સ્વચ્છ ભારત મિશનની વાતો વચ્ચે ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જ સ્વચ્છતાનો અભાવ હોવાનો અને તે માટે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં આજે ભાજપના આગેવાનોએ રોષની લાગણી વ્યક્ત કરી છે.

પંચાયત સંકુલમાં શૌચાલયોની સ્વચ્છતા બાબતે તંત્રને વારંવાર રજુઆત પછી પણ કોઈ પ્રકારની નક્કર કામગીરી નહિ થતી હોવાનું આ પદાધિકારીઓએ જણાવ્યુ હતુ.

સ્વભંડોળમાંથી ગ્રાન્ટ ફાળવણી પછી હજુ વિકાસના કામો શરૂ થયા નથી. આ કામો ક્યાં અટવાઈ ગયા તે ખબર જ નથી પડતી. આ આગેવાનોએ વિસ્તાર વિકાસ માટે સભ્યોને ખુબ ઓછી રકમની ફાળવણી થતી હોવાનો સૂર વ્યક્ત કરી જણાવ્યુ કે અમારા કરતાં સરપંચ ગામમાં વિકાસ માટે વધુ નાણાં ફાળવી શકે છે. અમારી બેઠકમાં અમે એક ગામને એક લાખ રૂ.ની ફાળવણી પણ કરી શકતા નથી.

આ સભ્યોએ રોષ વ્યક્ત કરતાં કહ્યુ હતુ કે તંત્રના અધિકારીઓ તેમની કામગીરીમાં વ્યસ્ત

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગુજકેટની પરીક્ષા

## જિલ્લાના ૫૪૭૨ વિદ્યાર્થીઓ હાજરી આપશે : પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ -૧ અને ૨ ના અધિકારીઓ રાઉન્ડ લેશે

ગાંધીનગર તા ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ગુજકેટની પરીક્ષા લેવાશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫૪૭૨ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. પરીક્ષાનો સમય વિવિધ સેશનમાં ૧૦ થી ૪ નો રહેશે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક પરીક્ષા બિલ્ડીંગમાં વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ રાઉન્ડ લેશે.

કોરોના કાળમાં ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા રદ કરાયા બાદ વિદ્યાર્થીઓ ગુજકેટ તેમજ નીટ જેવી મહત્વની પરીક્ષા સંદર્ભે તૈયારીમાં ગળાડુબ બન્યા છે. જયારે ગુજકેટની પરીક્ષાના મામલે પણ અગાઉ તારીખ જાહેર કરાયા બાદ વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની હતી. ગાંધીનગરમાં પણ તા ૬ ઓગષ્ટના રોજ ગુજકેટની પરીક્ષા લેવા માટે જરૂરી તમામ તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી છે. શિક્ષણ તંત્ર દ્વારા જિલ્લામાં વિવિધ બ્લોકમાં પરીક્ષાને અનુલક્ષી બેઠક વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાંથી અંદાજિત ૫૪૭૨ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. આ માટે અંદાજિત વિવિધ ૨૬ જેટલા બિલ્ડીંગમાં ૧૬૮ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવાશે જયારે પરીક્ષા દરમિયાન શાંતિ જળવાય રહે તે માટે પણ વિશેષ તકેદારી રાખવામાં આવશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે તમામ બિલ્ડીંગમાં વર્ગ -૧ અને ૨ ના અધિકારીઓને નિમણુંક આપવામાં આવી છે. આ અધિકારીઓ પરીક્ષા દરમિયાન સતત રાઉન્ડ લેશે. ગુજકેટની પરીક્ષા સવારે ૧૦ થી ૪ કલાક દરમિયાન વિવિધ ત્રણ સેશનમાં લેવાશે.

# લ્યો..., હવે સિવિલમાં દારૂનું પણ વેચાણ

## સિવિલમાં સાંજ ઢળતા જ અસામાજીક પ્રવૃતિઓ ધમધમે છે, છેલ્લા કેટલાક સમયથી પાર્કિંગ માલિક વિનાનું, કેમ્પસમાં સીસીટીવી કેમેરા શોભાના ગાંઠીયા સમાન, દારૂનું વેચાણ કરતા બે શખ્સોને પોલીસે પકડ્યા

ગાંધીનગર, તા.૫

એક કહેવત પ્રચલિત છે કે " તેર સગે પહેલુ સગુ દવા-દારુ " ગાંધીનગર સિવિલ કેમ્પસમાં રાત્રીના સમયે દર્દીઓને દવા તો મળતી નથી, પરંતુ દારુ મળી જાય છે તે આજે પુરવાર થયું છે. સિવિલ તંત્ર દ્વારા કેમ્પસમાં ૨૪ કલાક દવા મળે તે માટે કોઈ પ્રયત્ન પણ કરવામાં આવ્યા નથી. સિવિલ કેમ્પસમાં સાંજ ઢળતા જ અસામાજીક પ્રવૃતિઓ ધમધમે છે. સિવિલની સિક્યુરીટી, સીસીટીવી માત્ર શોભાના ગાંઠીયા બની રહ્યા છે. સિવિલમાંથી છાશવારે વાહનચોરી થતી હોવા છતા તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સિવિલ કેમ્પસમાં બિન્દાસ્ત દારૂનું વેચાણ કરતા બે શખ્સોને વિદેશી દારુની બોટલ નંગ-૫૯, મોબાઈલ ફોન અને વરના કાર સહિત રૂ.૫.૩૫ લાખના મુદ્દામાલ સાથે સેકટર-૭ પોલીસના ડી સ્ટાફે દબોચી લીધા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલમાં તાવ થી માંડીને કિડનીની બિમારીને લગતા દર્દીઓનું સ્વાસ્થય સારુ થાય તે માટે દવા મળે છે. પરંતુ હવે કેમ્પસમાં દવાની સાથે વિદેશી દારૂ પણ છુટતી મળતો હોવાનું સામે આવ્યું છે.ત્યારે કેમ્પસમાં સાંજ ઢળતા જ અસામાજીક પ્રવૃતિઓ ધમધમે છે. તાજેતરમાં જ કેમ્પસમાં રાત્રીના સમયે ધમધમતી ચા-નાસ્તાની દુકાનો પર અડીંગો જમાવી બેસતા યુવાનો સામે પોલીસે લાલ આંખ કરી હતી. સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ એસ.એસ.પવાર દ્વારા કર્મચારીઓને કેમ્પસમાં પેટ્રોલીંગ સઘન કરવા માટે સુચના આપી હતી. જેને પગલે રાત્રીના સમયે ડી સ્ટાફના પોલીસ જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા કોન્સ્ટેબલ સુરપાલસિંહ બળવંતસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ૬૦૦ બેડની બિલ્ડીંગ પાસે કોરોના પાર્કિંગમાં



કારમાં વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે. જેને પગલે ડી સ્ટાફના જવાનોએ તુરંત કેમ્પસમાં બાતમીવાળી જગ્યાએ જઈને લાલ કલરની વેરના કાર સહિત બે શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે કારમાં તપાસ કરતા ગાડીની ડેકીમાંથી વિદેશી દારૂની નંગ-૫૯ બોટલ મળી આવી હતી. (રહે.આંટાવાળો વાસ વાવોલ) હોવાનું જણાવ્યું હતું. સિવિલમાં બિન્દાસ્ત દારૂનું વેચાણ કરતા યુવકો પાસેથી પોલીસે વિદેશી પોલીસે યુવકનું નામ પુછતા આકાશ બુધાભાઈ ઠક્કર (રહે. દિવાલી એલીગન્સ, ન્યું ચાંદખેડા), અને નિજાત્મા ભુપેન્દ્રભાઈ શાહ દારુની ૫૯ નંગ બોટલ, મોબાઈલ ફોન અને વરના કાર મળીને કુલ રૂ.૫.૩૫,૪૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૨૪ કેસ

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં કોરોના કાબુમાં આવી ગયો હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં આજે કોરોનાના માત્ર ૨૪ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૩૧ દર્દી સાજા થયા છે. અત્યાર સુધીમાં ૮,૧૪,૬૯૬ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. કોરોનાથી સાજા થવાનાં દરમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં કોરોનાના દર્દીઓનો સાજા થવાનો દર ૯૮.૭૫ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજના દિવસમાં ૮,૮૧,૪૪૬ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૦૬ કેસ એક્ટિવ છે.

# પરિણામથી અસંતુષ્ટ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ઓગષ્ટના બીજા સપ્તાહમાં પરીક્ષા

ગાંધીનગર તા ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ કક્ષાએથી થોડા દિવસો અગાઉ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયુ હતુ જયારે કોરોના કાળમાં પરીક્ષા લેવામાં આવી ન હતી જેના લીધે પરિણામ ખાસ નિતીના આધારે તૈયાર કરાયુ હતુ આ અન્વયે પરિણામથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓને અનુલક્ષી બોર્ડ દ્વારા તા ૧૨ થી ૧૪ ઓગષ્ટ દરમિયાન પુનઃ પરીક્ષાનુ આયોજન કરાયુ છે. જેમાં પરિણામથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ગાંધીનગર જિલ્લામાં પણ પરિણામથી અસંતુષ્ટ હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષામાં જોડાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા થોડા દિવસો અગાઉ જ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. કોરોના કાળમાં વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા લેવામાં આવી નથી. પરંતુ મુલ્યાંકન પધ્ધતિના આધોર પરિણામ તૈયાર કરવા માટે શિક્ષણ વિભાગે ચોક્કસ નિતી ઘડી હતી જેના અંતે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયુ હતુ. જયારે આ પરિણામથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓને અનુલક્ષી બોર્ડ દ્વારા પુન : પરીક્ષાનુ આયોજન કરાયુ છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા ૧૨ થી ૧૪ ઓગષ્ટ દરમિયાન પરિણામથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓની પરીક્ષાનુ આયોજન કરાયુ છે. કોરોનાના કપરા સમયમાં બોર્ડ દ્વારા ધો -૧૦ તેમજ ૧૨ ની પરીક્ષા રદ કરવામાં આવી હતી. ધો -૧૦ માં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયુ હતુ જયારે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહને અનુલક્ષીને પણ પરીક્ષા રદ કરવામાં આવી હતી જેથી વિદ્યાર્થીઓ ગુજકેટ તમજ નીટની પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. જયારે આ સ્થિતિ વચ્ચે શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓને અનુલક્ષી પરીક્ષા લેવાની જાહેરાત પણ અગાઉ


## અતિપછાત જાતિઓના સામાજિક અને રાજકીય ઉત્કર્ષ બાબતે સંગઠનની બેઠક

નજીકના ભવિષ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે તો આપણા અતિપછાત સમાજ (તુરી, તીરગર, હાડી, વાલ્મિકી, નાડીયા, માતંગ, સેનમા, ગરો, વણકર સાધુ વિ.)ને પૂરેપૂરો ન્યાય મળી રહે તે માટે આપણી મતબેંકને સંગઠિત થઈ મજબૂત કરવા, વિચાર-વિમર્શ કરવા ટૂંક સમયમાં એક ખાસ મીટીંગ રાખવામાં આવશે.

લિ.

લલિતભાઈ બારોટ

નિવૃત્ત વર્ગ-૧ અધિકારી,
વૈજ્ઞાનિક, ઈસરો, અમદાવાદ
મો. : ૬૩૫૧૨૨૯૦૧૩



Akhil Anjana Kelavni Mandal Sanchalit

CHAUDHARI BCA COLLEGE

(Only for Girls)

Affiliated to Gujarat University

Admission 2021-22

- Established in 2009.
- Affiliated to Gujarat University.
- One class of 60 students (Intake –120 students).
- Computer Lab with internet.
- Experienced faculties.
- Average College result near about 99%.
- Girls' Hostel in the campus.
- Fees Rs. 9000 / Semester

Congratulations



Parmar Bhumika Girishbhai (94.14%) 2nd Rank (Gujarat University)



Khambhadiya Rajal Bipinbhai (90.28%) 12nd Rank (Gujarat University)



Harshi Kumari (88.57%) 21st Rank (Gujarat University)

Result of Semester 4 (2020-21)

Visit: Opp. Pathik Bus Depot, Sector – 7, Gandhinagar. | www.aakmsbca.ac.in |
Contact: 23241533, 7046405775, 9924475655


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com